**<u>આંક: ૦૧ તથા આંક : ૦૪ ની અરજી લગત સંયુકત હુકમ</u>**

(૧) આ કામે રેકર્ડ જોતાં આ ગુનામાં પોલીસ એજન્સી દ્વારા આરોપી: રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજુભા નરપતસિંહ જાડેજા, ઉ.વ.૫૪, રહે. મોટી ખેડોઇ, તા.અંજાર–કચ્છ વાળા વિરૂધ્ધ પ્રોહીબિશન એકટની કલમ : ૬૫(એફ) મુજબના ગુના તળે પ્રતિબંધિત મુદ્દામાલ તેઓના કબ્જા માં રાખવા બદલ ચાર્જશીટ કરવામાં આવેલી છે,જેના કામે આરોપી દ્વારા ફરીયાદપક્ષ દ્વારા રજુ કરેલી વિગત પ્રમાણે આરોપીને ગુનામાં સાંકળતો લેશમાત્ર પુરાવો ત.ક.અ. દ્વારા રજુ કરાયેલ ન હોય તેઓને બિનતહોમત છોડી મુકવા અરજી આરોપી તરફે રજુઆત છે. જે બાબતે ઉભય પક્ષોને સાંભળ્યા. સદર કેસની વિગતો જોતા હાલનો કેસ આરોપી વિરૂધ્ધ દારૂબંધીના કાયદામાં થયેલ સુધારા બાદ ગુનાહિત મુદ્દામાલ તેઓના કબ્જામાં રાખવા બાબતનો હોવાનું અભિપ્રેત છે.

(૨) વિધ્વાન એ.પી.પી.શ્રી દ્વારા આંક: ૦૬ થી રજુ વાંધા જવાબ તેમજ મૌખીક દલીલો ધ્યાને લીધેલ જેમાંપોતાની દલીલોના સમર્થનમાં એપીપીશ્રી એ **ના .ગુજરાત હાઈકોર્ટના ક્રીમીનલ અપીલ નં. ૨૫૦૪/ ૨૦૨૩ ના સ્ટેટ ઓફ ગુજરાત વિ.દીલીપસીહ કીશોરસીહ રાવના ચુકાદામાં પેરાનં. ૧૦ માં કરવામાં આવેલ અવલોકન " It is settled principle of law that at the stage of considering an application for discharge the court must proceed on an assumption that the material which has been brought on record by the prosecution is true and evaluate said material in order to determine whether the facts emerging from the material taken on its face value." ઉપર આધાર રાખી જણાવે છેકે,** ચાર્જ ફ્રેમના તબક્કે ચાર્જસીટ સાથે રજુ

થયેલ એફ.આઈ.આર તથા નિવેદનો અને બીજા દસ્તાવેજો ધ્યાને લીધા બાદ પણ જો આરોપી વિરુધ્ધ કોઈ ગુન્હો ન બનતો હોય તો આરોપી ડિસ્ચાર્જ થઇ શકે. હાલના કેસમાં ચાર્જસીટ સાથેની ફરીયાદ, પંચનામું તથા નિવેદનો ધ્યાને લેતા મુદામાલ આરોપીના કબ્જાની મિલકતમાંથી મળેલ હોવાનું પ્રથમદ્રષ્ટીએ જણાઈ આવે છે. વધુમાં આ કામે પોલીસ કર્મચારીએ તેની કાયદેસરની ફરજ દરમ્યાન રેઈડ દવારા મુદદામાલ કબજે કરેલ હોય પુરાવો લીધા વીના હાલના તબકકે આરોપી ડીસ્ચાર્જ ન થઈ શકે તેવી દલીલ ગુજારેલ છે. વળી તેઓએ જણાવેલ છે કે નવા કાયદા મુજબ ગુનાની ગંભીરતા વધી ગયેલ છે અને સજાની જોગવાઈ પણ વધુ છે. જેથી ડીસ્ચાર્જ કરવાથી સમાજનું હિત જળવાશે નહીં. દારુબંધીનો કાયદો છે, અને માત્ર આરોપી વિરૂઘ્ધના આક્ષેપો માટે કોઈ દસ્તાવેજી પુરાવો નથી તેથી ફરીયાદી કે જે એક પોલીસ કર્મચારી છે તેઓની ફરીયાદને અવગણી આરોપીને બિનતહોમત હોવાનું ઠરાવી શકાય નહી. તેમ જણાવી હાલની ડીસ્ચાર્જ અરજી નામંજુર કરવી જોઈએ તેવી રજુઆત કરેલ છે.

(૩) આ કામે આરોપી તરફે અરજીમાં એવું જણાવેલ છે કે, આ ગુનો હવે વોરન્ટ ટ્રાયેબલ થયેલ છે જેથી હાલના કેસને વોરન્ટ ટ્રાયલ પ્રકરણ ના પ્રોવીઝન લાગુ પડે છે. વધુમાં આરોપી નિર્દોષ છે. જેને ખોટી રીતે આ કામે ફસાવવામાં આવેલ છે અને આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી કોઈ કહેવાતો દારુ કે વોશ તેઓના કબ્જામાં કે તેઓની હાજરીમાં કે તેઓના માલિકી/કબ્જાના કોઈ સ્થળે પકડાયેલ હોય તેવો ફરીયાદપક્ષનો કેસ નથી. પોલીસે માત્ર અને માત્ર તેઓને મળતા ઉપરી કચેરીના આદેશો મુજબ કામગીરી બતાવવા/ટાર્ગેટ પુરો કરવા બિનવારસી મુદદામાલ આરોપીના નામે ચઢાવી તેઓ વિરૂઘ્ધ કોઈ પણ જાતની તપાસ કર્યા

વગર હાજરી અને સભાનપણાના કબ્જાનો પુરાવો મેળવ્યા વગર માત્ર કરવા ખાતર કરવુ પડે તેમ હોય તે રીતનું ચાર્જશીટ રજુ કરેલ છે. ફરીયાદ પક્ષના પુરાવાને જો જેમ નો તેમ વંચાણે લેવામાં આવે તો પણ ( ભલે પંચનામુ પુરવાર થાય) કથિત મુદદામાલ આરોપીના સભાનપણાનો કબ્જો હોય તેવુ રેકર્ડ પર આવી શકશે નહી. આ કામે ફરીયાદપક્ષનો પુરાવો કે જેની નકલ આરોપીને કલમ: ૨૩૦ મુજબ આપવામાં આવેલી છે તે જોતા આ કામે આરોપી વિરૂઘ્ધ આક્ષેપાયેલ ગુનાનો કોઈ પુરાવો રેકર્ડ પર નથી. તેથી બી.એન.એસ.એસ ની કલમ–૨૬૨ ની જોગવાઈ મુજબ ચાર્જફ્રેમ કરવા જેટલો પણ પુરાવો ન હોવાથી આરોપીને બિનતહોમત છોડી મુકવા જોઈએ. કોર્ટે ફરીયાદી એક સરકારી કર્મચારી છે તે બાબતની લાગણી માં આવ્યા વગર કેસના ગુણદોષને ઘ્યાને લઈ કાયદાનું પાલન કરવું જોઈએ.

(૪) ઉભયપક્ષોને સાંભળયા. તથા કાયદાકીય જોગવાઈઓ માનસહ વંચાણે લીધેલ. ત્યારબાદ અત્રે મુખ્યત્વે જે વિચારણા માટે નો પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે તે એવો છે કે શું હાલના કેસની હકીકતો આરોપીને તેઓની વિરૂઘ્ધ આક્ષેપાયેલ પ્રોહીબીશન એકટ ની કલમ : ૬૫(એફ) મુજબના ગુનાના કામે બિનતહોમત ઠરાવવા માટે પુરતી છે? તો એનો જબાવ મેળવવા માટે આ કામે રજુ કરેલ હકીકતોનું મુલ્યાંકન કરીએ તો, ફરીયાદપક્ષનો આક્ષેપ એવો છે કે તેઓ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને આરોપી વિરૂઘ્ધ ગુનાહિત મુદદામાલ રાખવા /વેચાણ કરતા હોવાની બાતમી મળેલ જે બાતમીના અનુસંધાને બે રાહદારી પંચો ને સાથે રાખી રેડ કરતા આરોપી બાતમી વાળી જગ્યાએ મળી આવેલ નહી પરંતુ સદરહુ જગ્યાએથી કહેવાતો ગુનાહિત

મુદદામાલ મળી આવેલ જે મુદદામાલ તેઓએ પંચનામાની વિગતે કબ્જે કરેલ. અને આરોપી પાછળથી પકડાઈ જતા તેઓ વિરૂધ્ધ હાલની ચાર્જશીટ રજુ કરેલ.

(૫) હાલના કેસના કામે કાયદાની આનુસાંગિક જોગવાઈઓ ઘ્યાને લેતા સને ૨૦૧૬ ના સુધારા બાદ પ્રોહિબિશન એકટ તળેની તમામ કલમો તળેના ગુનાઓ (કલમ ૬૬(૧)બી સિવાયના) કામે સજાની જોગવાઈ ૩ વર્ષ કે તેથી વધુ નકકી કરવામાં આવેલી છે અને અગાઉ રહેલી સમરી ટ્રાયલ અંગેની જોવાઈ રીપીલ થયેલી છે તેથી હાલનો ગુનો હવે કોગ્નીઝેબલ અને વોરન્ટ ટ્રાયબલ ગુનો છે તેમાં કોઈ શંકા નથી.

આ કામે નામદાર સુપ્રીમ કોર્ટના જજમેન્ટ **MENUKUMARI V/s. STATE OF BIHAR 2006(2) CRIME SC 130** ના જજમેન્ટમાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે કોઈ નવો ચાર્જશીટ રજુ થાય ત્યારે મેજીસ્ટ્રીયલ કોર્ટ શું શું કાર્યવાહી કરી શકે તે અંગે નીચે મુજબ વિવેચના કરવામાં આવેલ છે.

11. When a report forwarded by the police to the Magistrate under Section 173(2)(i) is placed before him several situations arise : The report may conclude that an offence appears to have been committed by a particular person or persons and in such a case, the Magistrate may either

(1) accept the report and take cognizance of the offence and issue process, or

(2) may disagree with the report and drop the proceeding, or

(3) may direct further investigation under Section 156(3) and require the police to make a further report.

The report may on the other hand state that according

to the police, no offence appears to have been committed. When such a report is placed before the Magistrate he has again option of adopting one of the three courses open i.e.,

(1) he may accept the report and drop the proceeding; or

[3]

(2) he may disagree with the report and take the view that there is sufficient ground for further proceeding, take cognizance of the offence and issue process; or

(3) he may direct further investigation to be made by the police under Section 156 (3). The position is, therefore, now well-settled that upon receipt of a police report under Section 173(2) a Magistrate is entitled to take cognizance of an offence under Section 190(1)(b) of the Code even if the police report is to the effect that no case is made out against the accused.

ઉપરોકત જજમેન્ટમાં ઠરાવ્યા પ્રમાણે મેજીસ્ટ્રેટ પાસે વિકલ્પ રહેલા છે તે પૈકીના બીજા વિકલ્પને ઘ્યાને લેતા જયારે **કલમ–૧૭૩(૨)(૧)** મુજબનો રીપોર્ટ આવે ત્યારે મેજીસ્ટ્રેટ તેનાથી વિસંગત થઈ સમગ્ર પ્રોસીડીંગ ડ્રોપ કરી શકે છે, એટલે કે પડતુ મુકી શકે છે.

તે બાબતને ઘ્યાને લેતા જો ત.ક.અ. એ એવી ચાર્જશીટ રજુ કરેલ હોય કે જેના પરથી આરોપી વિરૂઘ્ધનો આક્ષેપ ટ્રાયલ ચલાવવા માટે પુરતો ન હોય ત્યારે તે કીસ્સામાં ગુનાનું કોગ્નીઝન્સ લીધા વગર એવી પ્રોસીડિંગ્સ દફતરે કરી શકાય. પરન્તુ જયારે કોર્ટ ઘ્વારા એવા ચાર્જશીટના આધારે આરોપી વિરૂઘ્ધ પ્રોસેસ ઈશ્યુ કરવાનો હુકમ થઈ ગયેલ છે અને આરોપી કોર્ટ સમક્ષ હાજર છે ત્યારે કોર્ટ પાસે માત્ર બે જ વિકલ્પ બાકી રહે છે પ્રથમ આરોપીને કલમ : ૨૩૦ મુજબ નકલો સોંપ્યા બાદ જો ચાર્જફ્રેમ કરી શકાય તો ચાર્જફ્રેમ કરી તેઓના કેસનો નિકાલ

કરવુ અને બીજુ જો આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનો તથ્યવિહીન હોય તો તેઓને બી.એન.એસ.એસ ની કલમ : ૨૬૨ મુજબ બિનતહોમત ઠરાવી કેસની પ્રોસીડિંગ્સ બંધ કરવી.

હાલના કેસમાંની વિગતો જોતા આ કામના આરોપીની વિરૂધ્ધમાં કલમ: ૨૨૭ મુજબ પ્રોસેસ ઈશ્યુ થઈ ગયેલ છે તેથી પ્રોસીડિંગ્સ પડતી મુકવાનો વિકલ્પ હવે અમલમાં મુકી શકાય નહી. તેથી હવે તેઓ વિરૂધ્ધ કલમ: ૨૬૨ તળે ડિસ્ચાર્જ કરવાની અથવા કલમ : ૨૬૩ મુજબ તહોમત ફરમાવવાની કાર્યવાહી કરી શકાય તેમ છે. તેથી ઉપરોકત કાર્યવાહી પરત્વે બી.એન.એસ.એસ ની કલમ : ૨૬૨ ની જોગવાઈને ધ્યાને લેતા,

**<u>આરોપીને બિનતહોમત છોડી મુકવામાં આવશે(BNSS કલમ: ૨૬૨) (જુની CrPC કલમ: ૨૩૯)</u>**

૧) આરોપી કલમ ૨૩૦ હેઠળ દસ્તાવેજોની નકલો મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં બિનતહોમત છોડી મુકવાની અરજી કરી શકે.

૨) (એ) જો કલમ ૧૯૩ હેઠળ પોલીસ અહેવાલ અને (બી) તેની સાથે મોકલાવાયેલ દસ્તાવેજોની વિચારણા કર્યા બાદ અને (સી) મેજિસ્ટ્રેટને જરૂરી લાગે તો આરોપીની તપાસ કર્યા બાદ અને (ડી) ફરિયાદ પક્ષ અને આરોપીને સાંભળવાની તક આપ્યા બાદ મેજીસ્ટ્રેટને એમ લાગે કે આરોપી સામેનો આરોપ વજુદ વગરનો છે, તો તે આરોપીને બિનતહોમત છોડી મૂકશે અને તેમ કરવાનાં પોતાનાં કારણોની નોંધ કરશે.

(૬) આ કામે બી.એન.એસ.એસ કલમ-૨૬૨ ની અરજીના અનુસંધાને આરોપીની રજુઆતો તથા રજુ કરેલ કાગળોને ધ્યાને લેતા ફરીયાપક્ષના પુરાવામાં હાલના આરોપી એ ગુનાહિત મુદદામાલ રાખતો હોય તેવી

બાતમી મળેલ હોવાની બાબત છે પણ તે બાતમી પુરાવા તરીકે ગ્રાહ્ય બનતી નથી અને તે ઉપરાન્ત જે રીકવર્ડ મુદ્દામાલ છે તે આરોપીના કબ્જાનો હોવા માટે ફરીયાદપક્ષ ધ્વારા કોઈ આધાર રજુ કરેલ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટે **Raju @ Raju Gandy Roopchand vs State Of Gujarat . 2019(0)AIJEL-HC-241091** માન. જસ્ટીસ શ્રી વી.પી.પટેલ સાહેબના ચુકાદાના અંશો જોઈએ તો તે નીચે મુજબ છે.

In the instant case on hand no material is brought out from the charge− sheet to prosecute the applicant in alleged offence except the statement of the co−accused. There is no other evidence contained in the charge−sheet. Merely because the applicant is involved in 51 similar cases he cannot be prosecuted in the present case. ......

15. Hence this Criminal Revision Application is allowed. The order below Exh.7 dated 25.02.2019 passed in Criminal Case No.7676 of 2017 is hereby quashed and set aside. The accused is discharged in the Criminal Case No.7676 pending before the learned trial Court, Gandhinagar.

સદર ચુકાદો જોતાં પ્રોહીબીશનના ગુનાનાં કામે જે ફરીયાદ થયેલી તેમાં બીજા આરોપી ૫૧ ગુનામાં આરોપી હતો અને ગુન્હાહિત ઈતિહાસ ધરાવતો હતો તેમ છતાં નામદાર હાઈકોર્ટે ઉપરોકત જણાવેલ પેરામાં ફરીયાદમાં આરોપીને ગુનાવાળી જગ્યાએથી મુદ્દામાલ સાથે અટક કરેલ ન હોઈ અને, અગર આરોપીનું નામ અન્ય સહઆરોપીના નિવેદનથી ખુલેલ હોય તથા અન્ય સચોટ પુરાવો ન હોય ત્યારે ભલે આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવતો હોય તો પણ આરોપી ને એવા આધાર વગર આક્ષેપોના ટ્રાયલના કામે વિચારણા માટે ચાર્જ ફરમાવી ન શકાય તેવુ

ઠરાવેલું.

(૭) નામદાર સુપ્રિમ કોર્ટે **Jethabhai Chatur Patel v. Gujarat State 1977 G.L.R 360 (SC)** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

.... Even if a person is found at a drinking party and he had a glass with him liquor in it at the time when the raid is carried out would it not be correct to say that he was at the relevant time in possession of liquor? The liquor in his glass would not be correct to say that merely because a participant in a drinking party can stretch his hand and take liquor for his use and consumption, he can be held to be in possession of liquor by stretching his hand and taking it but whether he is actually in possession of it. Possession again must be distinguished from custody and it must be conscious possession. It cannot therefore be laid down as an absolute proposition that whoever is present at a drinking party must necessarily be guilty of the offence of possession of liquor and must be charged for such offence.

વધુમાં બિનતહોમત છોડવા બાબતે જે ચર્ચા નામદાર સુપ્રીમ કોર્ટે કરેલી છે તે પૈકી **the material brought on record would reasonably connect the accused with the crime** નો જે સિધ્ધાન્ત છે તેઅત્રે બૈઠી રીતે લાગુ પડે છે. જે બાબતે ફરીયાદપક્ષે આરોપીને ગુનામાં સાંકળી શકાય તે માટે બાતમી સિવાયની કોઈ હકીકત હાલના આરોપી વિરૂધ્ધ ગણી શકાય તે રીતની હોય તે રેકર્ડ પર મુકેલ નથી.

આ ઉપરાન્ત આ કામે ગુજરાત રાજયમાં દારૂબંધીનો કાયદો

અમલમાં હોવાથી પોલીસ એજેન્સીઓ ધ્વારા જે રીતના કેસો કરવામાં આવે છે તે રીત જોતા હાલ પોલીસ ધ્વારા દાખલ કરેલા મોટા ભાગના કેસોમાં ટ્રાયલના અંતે પણ આરોપીને તકસીરવાન ઠરાવા માટેનો પુરાવો જવલ્લે જ મળતો હોય છે અને તે પણ આરોપી ધ્વારા કબ્જાના કેસમાં તો નહિંવત જણાય છે. તે અંગેની હકીકત **નામદાર હાઈકોર્ટ સમક્ષ ઈબ્રાહીમ હાસમ કેવર વિ. ગુજરાત રાજયના** CRMA 9025 OF 2018 Dt. 09/05/2018 ના ચુકાદામાં જામીન અરજીનો અવલોકન કરતી વખતે ધ્યાન પર આવતા પોલીસની કાર્યપ્રણાલી પર પ્રશ્નચિહન મુંકીને ઠરાવેલ છે કે,

7. The flow of designed FIRs is not recent practice adopted by many police stations, but is in place since long as if it has now become “custom” while dealing with prior information with regard to movement of liquor in the State. Had there been any in-house mechanism to monitor such custom, filing of designed FIRs would have been controlled to great extent and/or concerned police would not have ventured to file such F.I.R. Now, the time has come for the State to step in immediately to take suitable step to ensure that appropriate action is taken qua designed FIRs in accordance with law so that, such custom to file designed FIRs are suitably monitored/ supervised on regular basis.

તે ઉપરાન્ત નામદાર હાઈકોર્ટે પોલીસની આવા પ્રકારની કાર્યપ્રણાલી ને માત્ર ડિજાઈન્ડ એફ.આઈ.આર.તરીકે ગણતા **લક્ષ્મણભાઈ મેરૂભાઈ ચાવડા વિ. ગુજરાત રાજય, સી.આર.એમ.એ. ૮૬૭૨/૨૦૧૬ તા. ૦૧/૦૫/૨૦૧૮ માં ઠરાવેલું છે.**

**12. While parting with the order, it is to be noted**

**that since long, everyday, the Court comes across the typical kind of F.I.Rs. under the provisions of the Gujarat Prohibition Act. In large number of F.I.Rs., though police has prior information of movement of liquor including the exact location and/or vehicle number, as the case may be, the accused could manage to flee from such place/vehicle, sometimes, the female accused also. The Court wonders whether the police has prior information of movement of liquor or the accused has prior information of prior information with the police. Is it incompetency of the police to nab the accused despite prior information or something else? The State, if at all, serious to such "designed F.I.R." which are routinely filed by the police concerned, the State is required to look into the issue on urgent basis and hope that some sense will prevail with regard to the action to be taken for such "designed F.I.R."**

(૮) ઉપરોકત બન્ને (ઈબ્રાહીમ હાસમ કેવર તથા લક્ષમણ મેરૂ ચાવડા) ના ચુકાદાઓમાં નામદાર હાઈકોર્ટ ધ્વારા પોલીસની એવી રૂપક એફ.આઈ.આર તથા ચાર્જશીટોની ઝાટકણી કાઢયા બાદ પોલીસ ઓથોરીટીને એવી ડિઝાઈન્ડ એફ.આઈ.આર., તેમાં સંડોવાયેલ ગુનાખોર ઈસમ, વાહનો, મુદદામાલની કવોંટીટી તથા એવા પોલીસ સ્ટેશન અને પોલીસ કર્મચારીઓની વિગતો સમયાન્તરે રજુ કરવા આદેશ કરેલ છે.

''......or want of specific data, it is not possible to pass any further order at this stage and therefore, learned P.P. is directed to place on record following information for

the period from 1.5.2017 to 1.5.2018 in the fixed format (District wise.)

(i) Name of Police Station

(ii) FIR number and date

(iii) Name of the accused escaped

(iv) Name of place/vehicle number

(v) Name with designation of concerned Police involved in the raid

(vi) Number of offences registered under the Prohibition Act in the State (District wise) (Irrespective of facts whether accused escaped or arrested on the spot etc.)

8. The State to appraise the Court whether it contemplates to put in practice any in-house mechanism to monitor such “designed F.I.R.” (escaping accused despite prior information).”

જે હુકમના અનુસંધાને પોલીસ ખાતા દ્વારા તા.૧૬/૧૨/૨૦૧૯ ના રોજ સુધી કોઈ રીપોર્ટ રજુ કરેલ ન હતો પરન્તુ તે સમયગાળા દરમિયાન પોલીસ મહાનિદેશકની કચેરી, સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલવેઝ, ગુજરાત રાજય તરફથી ઈ.ચા.પોલીસ મહાનિદેશક અજય કુમાર તોમર નાઓની સહી તળે ગુજરાત રાજયના તમામ પોલીસ કમિશ્નર શ્રીઓ, પોલીસ આધીક્ષકશ્રી તથા તમામ રેંજ વડા રેલવે સહિતનાને સી.આઈ.સેલ/હાઈકોર્ટ મેટર/પ્રોહિ ગુના/ડિજાઈન્ડ એફ.આઈ.આર./૧૨૨૫/૨૦૧૯ તા.૨૭/૦૮/૨૦૧૯ થી જાણ કરવામાં આવેલ છે અને એવા કિસ્સામાં કે જયારે અગાઉથી બાતમી હોવા છતાં રેડ વખતે આરોપી સ્થળ પરથી ન પકડાયેલ હોય ત્યારે આરોપી સ્થળ પર હતો કે કેમ? તે નકકી કરવા માટેની કાર્યપધ્ધતી નકકી કરવામાં આવેલી છે અને એવા પ્રકારની તમામ રેડના કિસ્સામાં જે તે સ્થાનિક નાયબ

પોલીસ આધીક્ષક અને પોલીસ આધીક્ષક અથવા તો જો કમિશ્નર કચેરી લાગુ પડતી હોય તો એવી કમિશ્નર કચેરી ધ્વારા એવા કેસોની ઈન્કવાયરી કરવા હુકમ થયેલ છે.

હાલના હાથ ઉપરના કેસની હકીકતને ધ્યાને લેતા સદરહુ એફ.આઈ.આર. અને ચાર્જશીટના કામે કોઈ ઈન્કવાયરી પોલીસ ખાતાએ કરવી કે કેમ? તે નકકી કરવાનું નથી. પરન્તુ ઉપરોકત પત્રમાં જે તપાસ કરવા માટેના જે સુચનો નામદાર હાઈકોર્ટ ના હુકમ બાદ થયેલા છે તે આરોપી વિરૂધ્ધ તહોમત ફરમાવવા માટે જરૂરી ગણી શકાય તેવા છે. તે સુચન પ્રમાણે રેડ વખતે ગુનાવાળી જગ્યાએ આરોપીની હાજરી/મુદદામાલનો કબજો હતો કે કેમ? તે અંગેનો પુરાવો મેળવવુ જોઈએ તેવી અપેક્ષા પોતે પોલીસખાતા ધ્વારા રાખવામાં આવેલી છે જયારે હાલના કેસના કામે રજુ થયેલ ચાર્જશીટને ધ્યાને લેતા આ કામના ત.ક.અ. ધ્વારા આરોપીની કહેવાતા ગુનાહિત મુદદામાલ સાથે હાજર હોવા બાબતો ને કે તેઓ આ ગુનાહિત મુદદામાલ સાથે જોડાયેલ હતા તે અંગેનો કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવો ચાર્જશીટને લગત દસ્તાવેજો સાથે રજુ કરેલા હોય તેમ જણાતું નથી. આમ હાલના તબકકે ઉપર કરેલ ચર્ચા મુજબ

'' **at the stage of framing charge the Court has to apply its mind to the question whether or not there is any ground for presuming the commission of the offence by the accused. As framing of charge affects a person's liberty substantially, need for proper consideration of material warranting such order was emphasised.”**

આરોપી વિરૂધ્ધ તેઓને ગુનામાં સાંકળતી હકીકતોનો અનુમાન કરી તેઓની સ્વતંત્રતાના અધિકાર નડતરરૂપ થાય તે રીતે ચાર્જ કરવા માટેના કોઈ કારણો અત્રે જણાઈ આવતા નથી. તેથી ઉપર મુજબની તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનો આધાર વગરનો હોય તેઓને ટ્રાયલની કાર્યવાહીનો ભોગ બનાવી છેવટે છોડી મુકવા માટે નો હુકમ કરવાના બદલે હાલ તબકકે બિનતહોમત છોડી મુકવાનું ન્યાયોચીત જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામના આરોપી: રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજુભા નરપતસિંહ જાડેજા, ઉ.વ.૫૪, રહે. મોટી ખેડોઇ, તા.અંજાર-કચ્છ નાઓને ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ : ૬૫(એફ) મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસની કલમ-૨૬૨ અન્વયે પુરાવાના અભાવે બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨)આ કામનાં આરોપીએ અગાઉ આપેલ જામીન બી.એન.એસ.એસની કલમ-૪૮૦ની જોગવાઈ ના હેતુ માટે અપીલ પીરીયડ સુધી લંબાવવામા આવે છે.

(૩) મુદામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નિકાલ કરવુ.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને મારી સહીથી જાહેર કર્યો.

તા. ૧૮/૦૪/૨૦૨૬.
મુ. અંજાર-કચ્છ.

**(એસ. ડી. ત્રિપાઠી )**
બીજા અધિક ચીફ જયુડીશ્યલ
મેજીસ્ટ્રેટ, અંજાર-કચ્છ
CODE NO.GJ01402